સમાન વિચાર અને અભિવ્યક્તિ હોય ત્યાં મૈત્રી ટકી રહે છે
- સંત રોબિન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૯૨ | ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૪, મંગળવાર; ભાદરવા વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## સાબરકાંઠા-અમદાવાદને મોડેલ ડીસ્ટ્રીક્ટ તરીકે વિકસાવાશે

### ૨૫-૨૬ સપ્ટેમ્બરના રોજ દેશભરના પંચાયત અને આયોજનના અધિકારીઓ આ અંગે ચિંતન કરશે : દેશના ૫૦ જિલ્લાઓમાં ઈન્ટીગ્રેટેડ ડીસ્ટ્રીક્ટ પ્લાનીંગ પ્રોજેક્ટ બનશે

ગાંધીનગર, તા. ૨૨

અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લાનો સંયુક્ત વિકાસના અભિગમ સાથે આયોજન કરી અને વિકાસની કામગીરી હાથ ધરવાના પાયલોટ પ્રોજેક્ટમાં સમાવેશ ભારત સરકારે કર્યો છે.

ભારત સરકારના પંચાયત વિભાગ દ્વારા ઈન્ટીગ્રેટેડ ડીસ્ટ્રીક્ટ પ્લાનીંગનો પ્રોજેક્ટ અમલમાં આવી રહ્યો છે. આ માટે દેશના ૫૦ થી વધુ જિલ્લાઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં ગુજરાતમાંથી અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લાની પસંદગી કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે પાયલોટ પ્રોજેક્ટના અમલીકરણ અંગે તેમજ પ્લાનીંગના વિષય પરની ચર્ચા વિચારણા માટે આગામી ૨૫ થી ૨૬ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર ખાતે એક રાષ્ટ્રીય સેમિનાર વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર ખાતે યોજાનાર આ રાષ્ટ્રીય વર્કશોપમાં દેશભરના તમામ રાજયોના પસંદગી પામેલા જિલ્લાઓના પ્રતિનિધિઓ ઉપરાંત પંચાયત વિભાગના ઉચ્ચ અધિકારીઓ ભાગ લેનાર છે.

સંયુક્ત વિકાસ આયોજનના આ અભિગમને સારો પ્રતિસાદ મળેથી સરકાર આખા દેશમાં તે

● અનુસંધાન પાન-૭ પર

## ભારતનો શ્રેષ્ઠ પ્રોજેક્ટ તરીકે રિવરફ્રન્ટની પસંદગી



શહેરમાં ગત બુધવારે ચીનના રાષ્ટ્રપતિ શી જીનપીંગ જેની મુલાકાત લઈને ખુશ થયા હતા તે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટને ભારતનો શ્રેષ્ઠ પ્રોજેક્ટ જાહેર કરવામાં આવ્યો છે. સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટને દિલ્હીમાં મિનિમમ ગર્વમેન્ટ અને મેક્સિમમ ગર્વનન્સ ઉપર યોજાયેલી ૩૭મી સ્કોચ ફાઉન્ડેશન સમિટમાં ગોલ્ડ એવોર્ડ આપવામાં આવ્યો હતો. તા. ૧૯ અને ૨૦ સપ્ટેમ્બરે ચાલેલી સ્કોચ ફાઉન્ડેશન સમિટમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને એક ગોલ્ડ એવોર્ડ ઉપરાંત અન્ય ત્રણ એવોર્ડ મળ્યા છે. સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટને ગોલ્ડ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યો હતો. જેને ભારતના સૌથી સારા ગર્વનન્સ પ્રોજેક્ટ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.



શેરી વળાવી સજ કરું - નવરાત્રીના પડઘમ વાગી રહ્યા છે... માડીના આવવાના એંધાણા થઈ રહ્યા છે... જોબનીયું હિલોળે ચડ્યું છે... પગમાં થનગનાટ છે... મા-આદ્યશક્તિની આરાધનાનું પર્વ આવી પહોંચ્યું છે... સૌ કોઈ તૈયારીમાં લાગી ગયા છે... પાર્ટી પ્લોટ શણગારાઈ રહ્યા છે... શેરી વળાવીને સજાવાઈ રહી છે... માંડવડીઓ તૈયારી થઈ ગઈ... સાજ સજાવી દેવાયા છે... અને યુવાનોએ ચળીયાચોળી અને ભાતીગળ પરંપરાગત પોષાકો તૈયાર કરાવી દીધા છે... બસ હવે તો ઢોલ ઢબૂકે ને અમે ગરબે ઘુમીએની રાહ જોવાઈ રહી છે...

## NEWS બિટ્સ

**● મોબાઈલ એપ દ્વારા મંગલ મિશનની જાણકારી**

ભારતનું ઐતિહાસિક મંગળ મિશન તેના અંતિમ તબક્કામાં છે ત્યારે મોટાભાગના લોકોમાં તેની જાણકારી નથી. લોકોને આ મિશન અંગે જાગૃત કરવા હૈદરાબાદની એક કંપનીએ 'સ્માર્ટર મંગલયાન' નામની મોબાઈલ એપ બનાવી છે જેના દ્વારા આ મંગલ મિશનની રજેરજની માહિતી મેળવી શકાય છે. હાલ તો આ એપ બાળકોમાં ખૂબ લોકપ્રિય બની છે.

**● હવે પોર્ટેબલ પીએફ એકાઉન્ટ નંબર**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શ્રમ મંત્રાલય દ્વારા જુદી જુદી સંસ્થાઓ અને બોડી દ્વારા શ્રમ નિરિક્ષણમાં વધુ પારદર્શિતા આવે તે હેતુથી પોર્ટેબલ યુનિવર્સલ પીએ એકાઉન્ટ નંબર (યુએએન) પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવનાર છે.

**● નરેન્દ્ર મોદી સૌથી સ્માર્ટ નેતા : ફરીદ ઝકારીયા**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સીએનએન પર ઈન્ટરવ્યુ લેનાર જાણીતા એન્કર ફરીદ ઝકારીયા તેમના પ્રશંસક બની ગયા છે. ફરીદ ઝકારીયાએ કહ્યું છે કે અત્યાર સુધી તેઓ જેટલા નેતાઓને મળ્યા છે તેમાં મોદી સૌથી વધુ સ્માર્ટ અને બુદ્ધિશાળી નેતા છે.

## હવે જિલ્લા-તાલુકા કક્ષાએ ચિંતન શિબિરો

ગાંધીનગર, તા. ૨૨

વહીવટી તંત્રને વધુ ગતિશીલ અને સંવેદનશીલ બનાવવા ચિંતન શિબિરનો વ્યાપ રાજયકક્ષાએથી વધારીને હવે જિલ્લા તાલુકા સુધી કરવાનો રાજય સરકારે કર્યો છે. તાલુકા કક્ષાએ યોજાનાર ચિંતન શિબિર માટે રૂ. એક લાખ અને જિલ્લા કક્ષાની ચિંતન શિબિરમાં પાંચ લાખનો ખર્ચ કરી શકાશે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા રાજયના મુખ્યમંત્રી સમક્ષ થોડા સમય અગાઉ વિવિધ વિષયોના પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યા હતા જેમાં રાજયની ચિંતન શિબિર વિશે પણ વિગતો રજુ કરવામાં આવી હતી.

ચિંતન શિબિરનો વ્યાપ રાજયકક્ષાથી તાલુકા કક્ષા સુધી વધારવા માટે મુખ્યંત્રીએ સૂચન કરેલ. વિભાગ ખાતાના વડા જિલ્લા તથા તાલુકા કક્ષાએ ચિંતન શિબિર યોજી તમામ કક્ષાએ ફરજ બજાવતા અધિકારી કર્મચારીઓને રાજયના વિકાસ અને પ્રગતિમાં જુદા જુદા વિષયોનું ચિંતન કરવા તાલુકા જિલ્લાના વિકાસને અવરોધતા પ્રશ્નો બાબતે જુથ ચર્ચા કરી તેના નિવારણની ચોકકસ વ્યવસ્થામાં ભાગીદાર બનાવવાની પહેલ કરવામાં આવી છે.

તાલુકા કક્ષાએ યોજાનાર ચિંતન શિબિરના અધ્યક્ષ તરીકે જિલ્લા કલેકટર રહેશે. તાલુકા કક્ષાએ કલેકટર જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલિસ અધિક્ષક પ્રાંત અધિકારી નાયબ જિલ્લા વિકાસ અધિકારી મામલતદાર તાલુકા વિકાસ અધિકારી વર્ગ ૧-૨ના તમામ અધિકારીઓ તેમજ તાલુકામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર ત્રણ ત્રણ તલાટીઓ ગ્રામ સવકો શિક્ષકો તથા સબ ટ્રેઝરી ઓફિસર ડેપો મેનેજર, ઉપરાંત જિલ્લા કલેકટરને ઉચિત લાગે તેવા અધિકારી કર્મચારીઓ હાજર રહેશે.

જિલ્લાના મુખ્ય મથક સિવાય જિલ્લાના અન્ય સ્થળે જિલ્લા કક્ષાની ચિંતન શિબિર યોજવાની રહેશે. આ ચિંતન શિબિરના અધ્યક્ષ તરીકે જિલ્લાના પ્રભારી મંત્રી અથવા પ્રભારી સચિવ રહેશે.

ચિંતન શિબિર દરમિયાન જે તાલુકા જિલ્લાની ઓળખ જેવી કે ઉત્પાદન, ઐતિહાસિક સ્થળ કે અન્ય રીતે જાણીતો થયેલ હોય તેવા આધારે જિલ્લા કે તાલુકાની ઓળખ જાહેર કરતાં હોર્ડિંગ ચિંતન શિબિરના પ્રવેશ દ્વાર અને જાહેર સ્થળોએ મુકવાના રહેશે.

ચિંતન શિબિર દરમિયાન આધ્યાત્મિક તથા લોકાભિમુખ વહીવટના નિષ્ણાંતોના વકતવ્ય રાખી શકાશે. આ વિષયોના નિષ્ણાંતો શકય હોય ત્યાં સધી રાજય કે કેન્દ્ર સરકારની સંસ્થામાંથી બોલાવવાના રહેશે. ચિંતન શિબિરમાં થયેલ ચર્ચા પૈકીના અગત્યના મુદ્દાઓની વિગતો સંબંધિત વિભાગો તથા સામાન્ય વહીવટ વિભાગને મોકલવાની રહેશે.

## નવરાત્રી અંગે અભદ્ર ટિપ્પણી સામે રોષ

અમદાવાદ, તા. ૨૨

ઠાસરાના કહેવાતા મોલવી ઈમામ મહેંદી હસને હિન્દુ ધર્મના નવરાત્રી તહેવાર અંગે જે નિવેદન કર્યુ તેને વખોડતા અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના જનરલ સેક્રેટરી રફીક નગરીએ જણાવ્યું હતું કે, ઈસ્લામ ધર્મમાં પયગંબર સાહેબના આદેશ અનુસાર કોઈપણ ધર્મની ટીકા કરવાનું કહેતા નથી. ઈસ્લામ ધર્મના પવિત્ર ગ્રંથ કુર્આર શરીફમાં સ્પષ્ટ શબ્દોમાં લખેલું છે કે લકુમ દીનકુમ વાલીયા દીન (મારો ધર્મ મારી સાથે, તમરો ધર્મ તમારી સાથે) આઝાદ ભારતમાં બંધારણ અનુસાર દરેક સમાજને પોત પોતાના ધર્મને અનુસરવાનો અધિકાર છે. નવરાત્રીની ઉજવણી બંધ કરવાનું કહેતા ઈમામ મહેંદી સહનને કોઈપણ અધિકાર નથી. ધાર્મિક આગેવાનોએ હંમેશા સમાજને જોડવાનું કામ કરવું જોઈએ નહી કે તોડવાનું. આવા કહેવાતા મોલવી મહેંદી હસનનું મુસ્લિમ સમાજમાં કોઈ સ્થાન નથી. તેમજ સમગ્ર મુસ્લિમ સમાજ તેના કરેલા વિધાનોને ધિક્કારે છે.

## માઈગ્રન્ટ પલ્સ પોલિયો અભિયાનમાં એક હજારથી વધુ શ્રમિક બાળકોને આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં માઈગ્રન્ટ પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત ૧ હજાર જેટલા શ્રમિકોના બાળકોને આવરી લેવામાં આવ્યા છે.

શહેરના જુદા જુદા વિસ્તારોમાં આવેલી બાંધકામ સાઈટ પર કામ કરતા શ્રમિકોના બાળકોને આવરી લેવા માટે આ આયોજન હાથ ધરાયા હતા. આ માટે શહેરમાં ૧૦ જેટલી ટીમો દ્વારા આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ અભિયાનની વિગતો આપતાં મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ બારોટે જણાવ્યું હતું કે રવિવારે અને સોમવારના દિવસે આ અભિયાન અંતર્ગત આઈ.આઈ.ટી., આઈ.આઈ.વી.એચ., અક્ષરધામના છાપરા, સરગાસણ ચોકડી, પ્રેસના છાપરા, સંતસરોવરની કન્સ્ટ્રક્શન સાઈટ સહિતના વિવિધ વિસ્તારોને આવરી લેવામાં આવ્યા હતા.

તેમણે કહ્યું હતુ કે આ માઈગ્રન્ટ પલ્સ પોલિયો અભિયાન સરકારના માર્ગદર્શન નીચે હાથ ધરવામાં આવ્યું હતું. આ માટે ૧૦ જેટલી ટીમો બનાવવામાં આવી હતી. ગઈકાલે ૮૬૦ થી વધુ બાળકોને આજે ૨૦૦ થી વધુ બાળકોને આવરી લેવામાં આવ્યા હતા.







ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧